# Abstract

## શોધ નિબંધનો સંક્ષેપ


મ.સ.યુનિવર્સિટીના પ્રો. સુરેશ હ. જોષીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા "A Study of Poetic Diction of Gujarati Poetry since 1956"-નામના આ શોધનિબન્ધમાં ત્રણ પ્રકરણ ઉપરાંત ઉપસંહારની યોજના કરવામાં આવી છે. આ પ્રકરણોનો સાર નીચે પ્રમાણે છે.

<u>પ્રથમ પ્રકરણ</u> :

કવિતાની સ્વાયત્તતા વિશે આપણે કઇ રીતે વિચારીશું? કાવ્ય વાંચતી વખતે આપણે ખરેખર કોને વાંચીએ છીએ? કવિના આશયને? આપણા ચિત્તને? કે કવિતા જે ભાષા વડે રચાઇ છે તેની તપાસ કરીએ છીએ? કવિતા ભાષામાં રચાતી હોવાથી ભાષાને કેન્દ્રમાં રાખી કવિતાને તપાસી શકાય. કવિતા રચવા તત્પર થયેલા કવિ પાસે પરંપરાગત શિષ્ટમાન્ય ભાષા છે. કાવ્યમાં પ્રયોજાતી વિશિષ્ટ કાવ્યપદાવલિ છે તેમ જ કવિની આગવી અભિવ્યક્તિની શૈલી છે. આ બધાંને આધારે કૃતિનાં ઘટકો વર્ણ, શબ્દગુચ્છ, વાક્ય, અર્થરચના ઇત્યાદિ સમજવાં જોઇએ. શબ્દ કવિતામાં કઇ રીતે સ્થાન પામ્યો? તેની કલાત્મક સંસિદ્ધિ શી? નર્મદથી આજ સુધી લખાતી કવિતામાં કવિને માટે ભાષા ક્યાં ક્યાં પડકાર રૂપ બની? કાવ્યમાં વ્યાકરણનાં કાળનાં રૂપો ક્યાં ક્યાં છે? કાવ્યપદાવલિના વિનિયોગના તબક્કાઓની જુદા જુદા કવિઓ તથા પેઢીઓના સંદર્ભમાં સંક્ષિપ્ત તપાસ અહીં કરી છે. આપણું વિવેચન શા માટે content-oriented થયું? શા માટે વિષયસામગ્રી પર જ કવિતામાં ધ્યાન આપવામાં આવ્યું

તેની તપાસ પણ કરી છે. ભાષા સિવાયની અન્ય values ને શા માટે આપણે મહત્ત્વ આપ્યું? ૧૯૫૬ પછી કઇ રીતે કાવ્યપદાવલિ બદલાઇ અને તેમાં પણ શૈલીની લઢણો તથા પુનરાવર્તનો પ્રવેશ્યા હોય તો તેના કારણો કયાં તેની તપાસ કરી છે. આપણે ત્યાં સાહિત્યમાં આવતા આંદોલનો કશી નોંધપાત્ર સિધ્ધ કરે તે પહેલાં જ કેમ ખતમ થઇ જાય છે? આપણા કવિને સામાજિકોનો વિરહ સાલે છે અને પછી તે પરંપરાનો ભોગ બની જાય છે તેની તપાસ કરવામાં આવી છે.

## પ્રકરણ બીજું :

આ પ્રકરણમાં પદાવલિ શું છે, તેના કયાં કયાં લક્ષણો છે તેમજ પદાવલિ સંજ્ઞા વિશે કયા કયા પ્રકારની સંદિગ્ધતા પ્રવર્તે છે તેની ચર્ચા કરી છે, તેમજ કાવ્યની પદાવલિ તથા વ્યવહારની ભાષા વચ્ચેના સંબંધની વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. તેમજ કાવ્ય-ભાષા અને યુગની ભાષા વચ્ચે તત્ત્વત: કોઇ ફેર છે? જો હોય તો તે કયો? અને ન હોય તો કેમ તે મુદ્દાની તપાસ કરી છે. કવિની પદાવલિનો તેના વ્યક્તિત્વ જોડે કશો સંબંધ ખરો તે મુદ્દાની પણ ચર્ચા કરી છે. આ ઉપરાંત કાવ્યના શબ્દભંડોળ વિશે, કવિતાની પદાવલિ અપભાષાથી આર્ષબાની સુધીની હોઇ શકે, દિવસ દરમ્યાન થતા અનેક ભાષા આક્રમણો, કવિ પોતાની સ્વકીયતા કવિતામાં કેવી રીતે જાળવી શકે, ભાષા એ સંસ્કૃતિની પરંપરા છે, ભાષા અનેક સ્તરે કાવ્યમાં કેવી રીતે આવી શકે, શબ્દભંડોળના અનુસંધાનમાં ધ્વનિ, રવાનુકારી શબ્દો, સ્વરવ્યંજનના પુનરાવર્તનો, છંદ-પ્રાસ, વર્ણરચના વગેરે વિશે મુદ્દાસર સંક્ષેપમાં ચર્ચા કરવામાં આવી છે, કાવ્યમાં અન્વયનું શું મહત્ત્વ તેમજ પ્રયોગવક્તાની પ્રયુક્તિઓ (ડિવીએશન) કઇ કઇ રીતે આવતી હોય છે તેમાં પણ રજીસ્ટર, પરંપરાગત ભાષા,

લોકબોલી, અર્થ, શબ્દની દૃષ્ટિએ સધાતી પ્રયોગવક્રતા ઇત્યાદિની સંક્ષિપ્ત ચર્ચા કરી છે. આ બધું શબ્દ અને તેના સંદર્ભ દ્વારા કાવ્યમાં કયા કયા સ્તરે સિધ્ધ થાય છે તે જોવાનો ઉપક્રમ છે. તેમ જ જ્યાં જરૂરી લાગ્યું છે ત્યાં ઉદાહરણો મુદ્દાના સ્પષ્ટીકરણ માટે આપ્યાં છે.

<u>પ્રકરણ ત્રીજું :</u>

પદાવલિની સૈધ્ધાન્તિક ચર્ચા ગમે તેટલા ઊંડાણથી કરવામાં આવે છતાં જ્યાં સુધી કવિતાના સન્દર્ભે તેમનો વિનિયોગ નથી કરતા ત્યાં સુધી એ ચર્ચા અધૂરી રહે છે. કવિતાના નમૂનાઓને ધ્યાનમાં રાખીને પદાવલિની ચર્ચા કરવાથી સૈધ્ધાન્તિક વિચારણા પણ કસોટીએ ચઢતી હોય છે. એટલે આ પ્રકરણમાં કાવ્યપદાવલિની ચર્ચા માટે દસ કવિઓની કવિતા પસંદ કરવામાં આવી છે. આ કવિઓ અનુક્રમે આ પ્રમાણે છે : ૧. ઉમાશંકર જોષી, ૨. નિરંજન ભગત, ૩. ગુલામ મોહમ્મદ શેખ, ૪. સુરેશ જોષી, ૫. લાભશંકર ઠાકર, ૬. આદિલ મન્સૂરી, ૭. રાવજી પટેલ, ૮. સિતાંશુ યશશ્ચંદ્ર, ૯. રાજેન્દ્ર શુક્લ, ૧૦. રમેશ પારેખ.

ઉમાશંકર જોષી અને નિરંજન ભગતની ગણના સામાન્ય રીતે ૧૯૫૬ પછીના કવિઓમાં કરવામાં આવતી નથી પરંતુ ઉમાશંકર જોષીની "છિન્ન-ભિન્ન છું" અને "શોધ" નામની રચનાઓએ અને નિરંજન ભગતના "પ્રવાલ દ્વીપ" કાવ્યગુચ્છે આધુનિક કવિતાની પદાવલિને નવી દિશા અર્પવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. એટલે આ બંને કવિઓનો સમાસ કરવો ઉચિત લેખ્યું છે. આ કૃતિઓની પદાવલિની તપાસ કરતી વખતે તેમના શબ્દભંડોળ, અન્વય, વર્ણરચના, પ્રયોગવક્રતા, તળપદી પદાવલિ વગેરેની ચર્ચા કરી છે. આ કવિઓએ

ગદ્યનો ઉપયોગ કઇ ભૂમિકાએ કર્યો, તેઓ વ્યવહારની ભાષાથી દૂર થયા કે વ્યવહારની ભાષાની નિકટ રહયા, તેમની ભાષાને કાવ્યમાં રૂપાંતરિત કરનારું તત્ત્વ કયું છે, તેમની ભાષાને અને યુગની ભાષાને કેટલો સંબંધ છે તથા સવિશેષ તો આ પદાવલિ સાથે કવિના વ્યક્તિત્વને કેટલો સંબંધ છે તેની ચર્ચા કરવામાં આવી છે.

<u>ઉપસંહાર</u> :

પ્રકરણ ત્રીજામાં કૃતિઓની પદાવલિની જે વિગતવાર તપાસ કરવામાં આવી છે તેને આધારે અહીં આ ગાળાની કાવ્યપદાવલિનાં સામાન્ય લક્ષણો કયાં કયાં એવા મળે છે તેની ચર્ચા કરવામાં આવી છે. આધુનિક વિવેચને ફરિયાદ કરી છે કે ત્રીસીની કવિતાની પદાવલિમાં જેવી રીતે વ્યક્તિગત ઉન્મેષ ઓછા હતા તેવી રીતે આ ગાળાની કવિતામાં પણ વ્યક્તિગત ઉન્મેષોની માત્રા ધીમે ધીમે ઓછી થઇ ગઇ છે. વિવેચને કરેલી આ ફરિયાદમાં કેટલું તથ્ય છે તેની ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે. અત્યારે સર્જાતી કવિતા જોતાં તો એમ લાગે છે કે નવા આંદોલનનો સમય પાકી ગયો છે. પણ અહીં એ પ્રશ્ન અપ્રસ્તુત છે. આપણો પ્રશ્ન કાવ્યવિવેચનને લગતો છે. આ શોધ-નિબન્ધમાં પદાવલિની જે ચર્ચા કરવામાં આવી છે તે કંઇ અંતિમ ચર્ચા તો નીવડવાની નથી. કવિતામાં જેમ જેમ ફેરફારો થતા જશે તેમ તેમ આપણા વિવેચને પણ જુદી જુદી રીતે ચર્ચાવિચારણા કરવી પડશે. એટલું જ નહીં પણ, પદાવલિની સાથે સાથે કાવ્યનાં બીજાં ઘટક તત્ત્વો – અલંકાર, પ્રતીક, કલ્પન, છંદ, લય – ના સંદર્ભે જ્યારે સઘન ચર્ચા થવા માંડશે ત્યારે વિવેચનમાં વ્યાપકતાની સાથે સાથે ઊંડાણ પણ આવશે.